પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૧૫ | ૨૮ જાન્યુઆરી, ૨૦૨૦, મંગળવાર; મહા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આસામમાં 'બોડો' સાથે સરકારની સમજૂતિ

**૫૦ વર્ષ, ૨૮૩૦ મોત બાદ આખરે સમજૂતિ : ૩૦મી જાન્યુઆરીના દિવસે ૧૫૫૦ જેટલા બળવાખોરો હથિયારો સાથે સમર્પણ કરશે : રાજ્યની માંગણીનો અંત**



ગુવાહાટી, તા. ૨૭

પૂર્વોત્તરના રાજ્યોમાંથી ઉગ્રવાદને ખતમ કરવાના ઈરાદા સાથે સત્તામાં આવેલી કેન્દ્રની મોદી સરકારને આ દિશામાં આજે મોટી સફળતા હાથ લાગી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને બોડો બળવાખોરોના પ્રતિનિધિઓએ આસામ સમજૂતિ ૨૦૨૦ ઉપર હસ્તાક્ષર કરી દીધા છે. આ સમજૂતિની સાથે જ આશરે ૫૦ વર્ષથી ચાલી રહેલા બોડોલેન્ડ વિવાદનો અંત આવી ગયો છે જેમાં હજુ સુધી ૨૮૨૩ જેટલા લોકોના મોત થઈ ચુક્યા છે. છેલ્લા ૨૭ વર્ષમાં ત્રીજી આસામ સમજૂતિ કરવામાં આવી છે. આ વિવાદના વહેલીતકે સમાધાન માટે મોદી સરકાર પ્રયાસ કરી રહી હતી. અમિત શાહ ગૃહમંત્રી બન્યા બાદ તેમાં જોરદાર તેજી આવી હતી. આ પ્રસંગે ગૃહમંત્રીએ જાહેરાત કરી હતી કે, બળવાખોર સંગઠન નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ડ ઓફ બોડોલેન્ડના ૧૫૫૦ જેટલા બળવાખોરો ૩૦મી જાન્યુઆરીના દિવસે પોતાના ૧૩૦ હથિયારો સાથે આત્મસમર્પણ કરશે. શાહે કહ્યું છે કે, આ સમજૂતિ બાદ

● અનુસંધાન પાન-૭ પર

# શાહીનબાગ મોદી વિરોધીઓનો અડ્ડો : ભાજપ

**શાહીનબાગ તો કટ્ટરપંથી લોકોના મંચ તરીકે છે જ્યાં માસુમ બાળકોમાં પણ વડાપ્રધાન સામે ઝેર ભરવામાં આવે છે : રવિશંકર પ્રસાદ**

નવીદિલ્હી, તા.૨૭

કેન્દ્રિય કાનુન પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે આજે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે શાહીનબાગ અન્ય કઈ નહીં બલ્કે એક વિચાર છે. આ ટુકડે ટુકડે ગેંગ અને મોદી વિરોધીઓના મંચ તરીકે છે. જ્યાં માસુમ બાળકોમાં પણ વડાપ્રધાનની સામે ઝેર ભરવામાં આવે છે. રવિશંકર પ્રસાદે એક પત્રકાર પરિષદમાં બોલતા કહ્યુ હતુ કે નાગરિક કાનુનની કઈ કલમને લઈને વાંધો છે. તે બાબત આજ સુધી કોઈ વિરોધી દર્શાવી શક્યા નથી. છતા પણ વિરોધ છે. તેમણે કહ્યુ હતુ કે સંસદમાં પૂર્ણ લોકશાહી પ્રક્રિયા મારફતે કાનુન પાસ કરવામાં આવ્યા બાદ કાનુનને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકી દીધા બાદ પણ ધરણા પ્રદર્શન કરવાનો કોઈ હેતુ નથી. પ્રસાદે કહ્યુ હતુ કે શાહીન બાગના દેખાવકારો બહુમતિ અને શાંતિપ્રિય વસ્તી પર દબાણ લાવવાના આરોપ કરી રહ્યા છે. રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, શાહીન બાગ એક મહોલ્લા તરીકે નથી ભૂગોળના કોઈ ટુકડા તરીકે પણ નથી. શાહીન બાગ એક વિચારધારા છે. જ્યાં ભારતના ધ્વજ અને ભારતના બંધારણનું કવર છે પરંતુ ભારતને તોડવાના પ્રયાસ અહીં થઈ રહ્યા છે. અહીં બાળકોમાં પણ વડાપ્રધાન સામે ઝેર ભરવામાં આવે છે. ભ્રમ ઉભા કરવાના પ્રયાસ સતત થઈ રહ્યા છે. વડાપ્રધાન, કેન્દ્રિય ગૃહ મંત્રી, ભાજપ અધ્યક્ષ, મંત્રીઓ અને અન્ય સામે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. શાહીન બાગ ટુકડે ટુકડે ગેંગ અને મોદી વિરોધીના એક અડ્ડા તરીકે છે. તેમણે કહ્યું હતું કે, નાગરિક સુધારા કાનુનને લઈને વારંવાર સ્પષ્ટતા કરવામાં આવી છે. આ કાનુનના સંદર્ભમાં ગેરમાર્ગે દોરાયેલા લોકોને સમજાવવાના પ્રયાસો થઈ ચુક્યા

● અનુસંધાન પાન-૭ પર

## હુબેઈ યુનિ.માં વડોદરાના બે સહિત ૨૦ ગુજરાતી ફસાયા

**વિદ્યાર્થીનીના પિતાએ પીએમઓને જાણ કરી : કરોના વાયરસગ્રસ્ત હુબેઈમાં મારી દીકરી સહિતના ૨૦ વિદ્યાર્થીઓ ભૂખ્યા-તરસ્યા છે**

અમદાવાદ,તા. ૨૭

ચીનમાં કેરોના વાયરસના ભયાનક આંતક અને હાહાકાર વચ્ચે ત્યાં એમબીબીએસનો અભ્યાસ કરવા ગયેલી વડોદરાના નવાયાર્ડ ડી કેબિન સ્થિત રેલવે કોલોનીની વિદ્યાર્થિની શ્રેયા જૈમન(ઉ.વ.૧૮) અને સોમા તળાવ વિસ્તારના વૃદ પટેલ સહિત ૨૦ ગુજરાતી વિદ્યાર્થીઓ ચીનના વુહાન સીટીમાં ફસાયા છે. જેને પગલે આ વિદ્યાર્થીઓના પરિવારજનો તરફથી કેન્દ્ર સરકારને તાત્કાલિક રજૂઆત કરી તેમના સંતાનોને બચાવવા અને યુધ્ધના ધોરણે મદદની માંગણી કરવામાં આવી છે. કેરોના વાયરસની દહેશત વચ્ચે ચીનમાં ફસાયેલી વિદ્યાર્થનીના પિતા શશિકુમાર જૈમને પીએમઓ, વિદેશ મંત્રી, ગૃહ મંત્રી, સીએમ અને સાંસદને ટ્વીટ કરીને આ અંગે જાણ કરી છે અને તેમની પુત્રી સહિત વિદ્યાર્થીઓને બચાવવા માટે મદદની માંગણી કરી છે. તેમણે જણાવ્યું કે, કેરોના વાયરસના આંતક વચ્ચે ફસાયેલા વિદ્યાર્થીઓને ભોજન અને પાણી



મળી રહ્યું નથી અને મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે, મારી દીકરી સાથે ૨૦ જેટલા ગુજરાતી વિદ્યાર્થીઓ હુબેઇ યુનિવર્સિટીમાં ફસાયા છે અને તેઓ ભૂખ્યા-તરસ્યા છે. ચીનના વુહાન શહેરમાં બે વર્ષથી અભ્યાસ કરતી શ્રેયાના

● અનુસંધાન પાન-૭ પર



દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ગઈકાલે રવિવારના દિવસે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઐતિહાસિક રાજપથ ખાતે આયોજિત ભવ્ય પરેડમાં ભારતની તાકાતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભારતીય સૈન્ય બળની ઝાંકી નિકળી ત્યારે દેશવાસીઓ ગર્વથી ઝુમી ઉઠ્યા હતા. ભૂમિ સેના, હવાઈ દળ અને નૌસેનાની ટુકડીઓ જ્યારે પરેડમાં નિકળી ત્યારે દેશભક્તિની ધૂન ચારેબાજુ જોવા મળી હતી. તમામ લોકો ગૌરવ અનુભવી રહ્યા હતા. સૈન્ય હથિયારોની સાથે દેશની તાકાતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય ઉજવણીમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા તેમના કેબીનેટના પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ, ગુલામનબી આઝાદ સહિત વિપક્ષના તમામ નેતાઓ પણ હાજર રહ્યા હતા. આ વર્ષે પ્રજાસત્તાક દિવસે આયોજિત કાર્યક્રમમાં અને પરેડમાં જનજાતિ મહેમાન પણ આકર્ષણ રહ્યા હતા. જુદા જુદા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૧૮થી વધારે ઝાંકીઓ તેમજ સ્કુલી બાળકો દ્વારા રજૂ કરાયેલા કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા.

## દિલ્હીમાં ૭૦ બેઠકો માટે ૬૭૨ ઉમેદવારો મેદાનમાં

**નવી દિલ્હી સીટ પર સૌથી વધુ ૨૮ ઉમેદવારો : અનામત સીટ પટેલનગરમાં માત્ર ૪ ઉમેદવારો મેદાનમાં**

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૦ માટે ઉમેદવારી પત્રો ભરવામાં આવી ચુકયા છે. ઉમેદવારો મતદારોને પ્રભાવિત કરવામાં જોરશોરથી લાગેલા છે. ચિત્ર સ્પષ્ટ થયા બાદ હવે ૭૦ વિધાનસભા સીટટ પર કુલ ૬૭૨ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ૨૩ વિધાનસભા સીટમાં તો કોઈ મહિલા ઉમેદવાર મેદાનમાં નથી. પાટનગર દિલ્હીમાં પ્રતિષ્ઠિત નવી દિલ્હી વિધાનસભા સીટ પર સૌથી વધારે ૨૮ ઉમેદવારો છે. જ્યારે અનામત સીટ પટેલ નગરમાં માત્ર ચાર ઉમેદવારો મેદાનમાં છે. આ સીટ પરથી જ દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ પણ ઉમેદવાર છે.

દિલ્હી ચૂંટણી અધિકારીઓના કહેવા મુજબ ઉમેદવારી પત્રોની ચકાસણી, નામ પરત લેવાની પ્રક્રિયા બાદ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જે પૈકી હવે મેદાનમાં ૫૯૩ પુરૂષ ઉમેદવાર, ૭૯ મહિલા ઉમેદવારો મેદાનમાં છે. ૧૯૯૩માં દિલ્હી વિધાનસભા ફરી બન્યા બાદ આ પ્રથમ ચૂંટણી છે જ્યારે સૌથી ઓછા ઉમેદવારો મેદાનમાં છે. દિલ્હીમાં આ વખતે વરિષ્ઠ અને વૃદ્ધ નાગરિકોને લાવવા માટે ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં ૬૬ મહિલા અને એક ટ્રાન્સજેન્ડર સહિત ૬૭૩ ઉમેદવારો હતા. આમઆદમી પાર્ટી તમામ ૭૦ સીટો પર મેદાનમાં છે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

## એર ઈન્ડિયામાં ૧૦૦ ટકા હિસ્સેદારી વેચવાની તૈયારી : બીડ આમંત્રિત

**એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસનું દેવું ૬૦૦૭૪ કરોડ : રસ ધરાવનારાને ૧૭ માર્ચ ૨૦૨૦ સુધી ઇઓઆઈ રજૂ કરવાની તક રહેશે : સફળ રહેનારા બીડરો માટે હળવી કરાયેલી શરતો : બીજા પ્રયાસમાં સાવચેતી**




નવીદિલ્હી, તા. ૨૭

બે વર્ષમાં બીજી વખત સરકારે એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસમાં ૧૦૦ ટકા હિસ્સેદારીને વેચવા બીડ આમંત્રિત કરીને એર ઈન્ડિયાને વેચી દેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ગ્રાઉન્ડ હેન્ડલીંગ જેવી એઆઈ-એસએટીમાં ૫૦ ટકા હિસ્સેદારીને વેચવાની તૈયારી દર્શાવવામાં આવી છે. રસ ધરાવનાર પાર્ટીઓએ ૧૭મી માર્ચ ૨૦૨૦ સુધીમાં તેમના એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (પીઓઆઈ) રજૂ કરવાની જરૂર રહેશે. ક્વાલીફાઈ થનાર બીડરોને ૩૧મી માર્ચના દિવસે નોટિફાઈડ કરવામાં આવશે. જો કે, પ્રાથમિકરીતે ચાવીરુપ વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. તમામ લોકો જાણે છે કે, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસનું સંયુક્ત દેવું ૬૦૦૭૪ કરોડ રૂપિયા છે. રસ ધરાવનાર બીડરો આ દેવા પૈકી ૨૩૨૮૬ કરોડ રૂપિયા ટેકઓવર કરી શકશે જે પૈકી તમામ દેવાને દૂર કરવાની

● અનુસંધાન પાન-૭ પર

## ઉદ્ધવ ઠાકરે ૭ માર્ચે રામલલાના દર્શન કરવા અયોધ્યા જશે

મુંબઈ,તા.૨૭

શિવસેના પાર્ટીના પ્રમુખ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની અયોધ્યા મુલાકાતની તારીખ નક્કી કરવામાં આવી છે. તેઓ એમની મહારાષ્ટ્ર વિકાસ આઘાડી સરકારના સત્તાના ૧૦૦ દિવસ પૂરા થવાના પ્રસંગની ઉજવણી કરવા અયોધ્યા જશે.

શિવસેનાનાં નેતા અને રાજ્યસભાના સદસ્ય સંજય રાઉતે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. રાઉતે કહ્યું કે ઠાકરે ૭ માર્ચે અયોધ્યા જશે અને એ મુલાકાત માટેની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. 'અયોધ્યામેં જલ્લોષ! માર્ચ, ૭, ૨૦૨૦', એમ રાઉતે ટ્વીટમાં જણાવ્યું છે.

ઉદ્ધવ ઠાકરે અયોધ્યામાં રામલલાનાં દર્શન કરશે અને સરયૂ નદીના કિનારે આરતી પણ કરશે. દેશભરમાંથી હજારો શિવસૈનિકો પણ ત્યારે અયોધ્યા જશે. અમારા માટે આ આસ્થાનો વિષય છે અને કોઈએ પણ એને રાજકારણ સાથે સાંકળવું નહીં, એમ રાઉતે કહ્યું છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225